# Virtual Meeting between External Affairs Minister and Foreign Minister of Spain

December 23, 2020

---

## ડોક્ટર એસ જયશંકર એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટર અને સ્પેનના વિદેશ મંત્રી વચ્ચે વર્ચ્યુઅલ મીટીંગ

**ડિસેમ્બર 23 2020**

ડોક્ટર એસ જયશંકર એક્સટર્નલ અફેર્સ મિનિસ્ટર અને સ્પેનના સુશ્રી અરાનચા ગોનઝાલોસ લાયા, મિનિસ્ટર ઓફ ફોરેન ફેર, યુરોપિયન યુનિયન એન્ડ કો-ઓપરેશન ઓફ સ્પેન વચ્ચે એક વર્ચ્યુઅલ મીટીંગ 23 ડિસેમ્બર 2020 ના રોજ યોજાઇ હતી.

બન્ને નેતાઓએ બંને દેશો વચ્ચે કોરોના મહામારી દરમિયાન સહકાર અને કોરોના મહામારી પછી સહકારની શક્યતાઓ સહિત વિસ્તૃત દ્વિપક્ષી સંબંધોનું વિગતવાર પુનઃમૂલ્યાંકન કર્યું હતું.

બન્ને નેતાઓએ તાજેતરના વર્ષોમાં દ્વિપક્ષીય સંબંધો જે રીતે વધુ સારી રીતે આગળ વિકસ્યા છે તેની સરાહના કરી હતી અને મોબિલીટી, સરક્ષણ-સહકાર અને એનર્જીના નવા ક્ષેત્રોમાં એકબીજા ના સહકારની ગતિને જાળવી રાખવા માટે સંમત થયા હતા.

બન્ને નેતાઓએ ભારત યુરોપિયન યુનિયન વચ્ચેના સબંધો ની પણ ચર્ચા કરી હતી અને આગામી ભારત યુરોપિયન યુનિયન લીડર્સ સમિટ કે જે પોર્ટુગલમાં મે- 2021માં યોજાવાની છે તેના સંદર્ભમાં વધુ નજીકથી કામ કરવા માટે પણ સંમત થયા હતા. બહુ પક્ષીય સુધારાઓને આગળ વધારીને બંને પક્ષો સ્થાનિક અને વૈશ્વિક મુદ્દાઓ ઉપર ખાસ કરીને 2021 ના વર્ષથી યુનાઇટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સીલમાં ભારતની હાજરી ના સંદર્ભમાં એકબીજા સાથે વધુ નજીક ના સંપર્ક અને કો-ઓર્ડિનેશન જાળવી રાખવા સંમત થયા હતા.

ન્યુ દિલ્હી
ડિસેમ્બર ૨૩, 2020

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.